# મોડાસામાં લઘુમતી સમાજના બે યુવકોની કિડની કાઢી લેવાનું કૌભાંડ

## ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી કિડની કૌભાંડનો આરોપી પેટલાદ પોલીસે ટ્રાન્સફર વોરંટના આધારે મુખ્ય આરોપી ડોક્ટર અને અન્ય શખ્સની ધરપકડ

મોડાસા, તા. ૧૨

દેશના અનેક વિસ્તારોમાં માનવ અંગોની તસ્કરીનો કાળો કારોબાર ચાલી રહ્યો છે. માનવઅંગોની તસ્કરીનું સુનોયોજીત કૌભાંડમાં દલાલો ગરીબ, જરૂરિયાતમંદ અને દેવા તળે ડૂબેલા યુવકોની શોધખોળ કરી લાખ્ખો રૂપિયાની લાલચ આપી કિડની કાઢી લઈ બજારમાં ઉંચા ભાવે વેચવાનું કૌભાંડ ચાલે છે. અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના બે લઘુમતી કોમના યુવાનોની ગરીબીની મજબુરીનો ફાયદો ઉઠાવી કિડની કૌભાંડની દલાલી કરતા મધ્યપ્રદેશ ઈન્દોરના મોહસીન અને ઈમરાન નામના બંને ભાઈઓ બંને યુવકોને ૧૨ લાખ રૂપિયા આપવાની લાલચ આપી દિલ્હી અને હરિદ્વાર નજીકની ખાનગી હોસ્પિટલમાં લઈ જઈ કિડની કાઢી લેતા અને નક્કી કરેલ રકમ દલાલોએ ન આપતા સમગ્ર કૌભાંડનોનો પર્દાફાશ થતા હડકંપ મચ્યો હતો અને સમગ્ર મામલો પોલીસ સ્ટેશને પહોંચતા કિડની કૌભાંડના રેકેટમાં સંડોવાયેલા શખ્સોને ઝડપી પાડવા મોડાસા પોલીસ ઈન્સ્પેક્ટરને તપાસ સોંપી હતી અને વિવિધ ટીમો બનાવી પોલીસે તપાસ કરવા છતાં પોલીસનો પનો ટુંકો પડ્યો હતો અને ૭ મહિના થયા છતાં ગુન્હો ઉકેલવામાં અરવલ્લી જીલ્લા પોલીસ તંત્ર નિષ્ફળ રહેતા કૌભાંડ અભરાઈ ચઢાવી દેવાયું હતું. ત્યારે આણંદ જીલ્લાની પેટલાદ પોલીસે દેહરાદૂન કિડની કૌભાંડમાં ઝડપાયેલા મુખ્ય આરોપી ડૉ. અમિત રાઉત અને તેના અન્ય સાગરીત જાવેદને ટ્રાન્સફર વોરંટના આધારે ધરપકડ કરી કોર્ટમાં રજુ કરી રિમાન્ડ માંગતા કોર્ટે અગાઉ ડૉ. અમિત રાઉતના રિમાન્ડ ના મંજુર કરી કોર્ટે કસ્ટડી લીધી હતી. જયારે જાવેદના રિમાન્ડ મંજુર કરતા ગુજરાતના કેટલા વિસ્તારોમાંથી કિડની કૌભાંડને અંજામ આપ્યો તેની તપાસ આણંદ પોલીસના ડીવાયએસપી જાડેજા ચલાવતા હોવાથી કિડની કૌભાંડનો રેલો મોડાસા સુધી પહોચેતો નવાઈ નહિ.

મોડાસાના લઘુમતી વિસ્તારના ૨ યુવકોને ૧૨ લાખ રૂપિયાની લાલચ આપી હરિદ્વાર અને દિલ્હી લઈ જઈ મોડાસાની ઝમઝમ સોસાયટીમાં રહેતા અને મૂળ મધ્યપ્રદેશ-ઈન્દોરના મોહસીન અને ઈમરાન નામધારી ભાઈએ કિડની કાઢી લેતા સમગ્ર કિડની કૌભાંડથી ખળભળાટ મચ્યો હતો અને મોડાસા ટાઉન પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાતા અને કિડની કૌભાંડનો ભોગ બનેલા યુવકના પરિવારજનોએ જીલ્લા પોલીસવડા પાસે ન્યાયની માંગણી કરતા જીલ્લા પોલીસવડાએ જીલ્લાના અન્ય યુવકો કિડની કૌભાંડ રેકેટનો ભોગ ન બને તે માટે જેતે સમયે ફરજ બજાવતા પી.આઈ.ને તપાસ સોંપતા વિવિધ ટીમો બનાવી તપાસ હાથ ધરવા છતાં કોઈ પરિણામ મળ્યું ન હોવાથી કિડની કૌભાંડ પર ઢાંકપિછોડો પડી ગયો હતો. ત્યારે પેટલાદ પોલીસે દેહરાદૂન કૌભાંડના મુખ્ય આરોપી શખ્સ ડૉ. અમિત રાઉત અને તેના સાગરીત જાવેદ નામના શખ્સની ટ્રાન્સફર વોરંટના આધારે ધરપકડ કરી તપાસ હાથ ધરતાં મોડાસા કિડની કૌભાંડનો ભોગ બનેલા યુવકોના પરિવારજનોમાં ન્યાયની આશાઓ જન્મી છે.

આ અંગે મોડાસા ટાઉન પીઆઈ રબારી સાથે ફોન પર પેટલાદ પોલીસે કિડની કૌભાંડમાં પકડેલા આરોપીઓ અંગે પુછાતા તેમને આ અંગે અજાણ હોવાનું અને મોડાસા કિડની કૌભાંડની તપાસ અંગે જણાવ્યું હતું કે મોડાસા ટાઉન પીઆઈ ભાટિયા ટ્રેનિંગમાં હોવાથી ચાર્જમાં છું મોડાસા કિડની કૌભાંડની તપાસ કેટલે પહોંચી એ ચોક્કસ ખબર નથી અને પેટલાદ પોલીસે ઝડપેલા આરોપી અંગે માહિતી મેળવવા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યુ હોવાનું જણાવ્યું હતું.

## ખેડબ્રહ્મા પાલિકા દ્વારા બાંધકામ અટકાવતી નોટિસોથી ત્રાસી ગયેલ વેપારીએ આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી

ખેડબ્રહ્મા, તા. ૧૨

પાલિકાની મંજૂરીથી વિરુદ્ધ અને બાંધકામ માટે રજુ કરેલી રેલવેની એન.ઓ.સી ખોટી હોવાનું દાવો પાલિકા ઓ.એસ. ખેડબ્રહ્મા શહેરના મિલકત ધારક અને રહેણાંક મકાનની પાલિકાની મંજૂરી પછી નિયમ વિરુદ્ધનું બાંધકામ દૂર કરવા નોટિસો આપી બાંધકામ પાલિકાની મંજૂરી માગી હતી. અને પાલિકાએ પ્લાન એસ્ટીમેન્ટ મુજબ બાંધકામ કરવા તા. ૧૦-૮-૨૦૧૬ના રોજ મંજુરી આપવામાં આવી હતી તેથી ભુપેન્દ્રભાઈ સોનીએ બાંધકામ શરૂ કરી દીધું હતું.

બાંધકામ પ્રગતિમાં હતું ત્યારે છેલ્લા એક વર્ષથી બાંધકામ ગેરકાયદેસર હોવાનું કરવામાં નહી આવે તો આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી છે.

આ અંગે નગરપાલિકાના ઓ.એસ. વિરેન્દ્રસિંહ જે. પરમારે જણાવ્યું હતું કે ભુપેન્દ્રભાઈ સોનીના બાંધકામ અંગે શહેરમાંથી ૮ કરતાં વધુ ઈસમોએ રજૂઆત કરી છે. અને પાલિકાએ આપેલ મંજૂરી કરતાં



અટકાવી અને પાલિકાથી પરેશાન ત્રાસી ગયેલા વેપારીએ શહેરના તમામ ગેરકાયદેસર દબાણ ૧૦ દિવસમાં દૂર કરવામાં નહીં આવે તો આત્મવિલોપનની ચિમકી ઉચ્ચારી નાયબ કલેક્ટર અને ચીફ ઓફિસરને લેખિતમાં રજૂઆત કરતા શહેરમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

ખેડબ્રહ્મા શહેરના રહીશ ભુપેન્દ્રભાઈ શંકરભાઈ સોનીએ વાસણા રોડ પર આવેલ બિનખેતી સરવે નંબર ૧૮૨ પૈકી પ્લોટ નંબર ૪૬૮મા રહેણાંક મકાન બાંધકામ માટે જણાવી પાલિકા દ્વારા નોટિસ ફટકારવામાં આવી હતી તથા બાંધકામ પણ અટકાવી દેવામાં આવ્યું છે. આમ ભુપેન્દ્રભાઈ પાલિકાની કાર્યવાહીથી પરેશાની થઈ ત્રાસી ગયા હતા. તેથી મંગળવારના રોજ ખેડબ્રહ્મા શહેરના વગદાર ઈસમો દ્વારા બિનખેતી પ્લોટમાં તથા સરકારી જમીનમાં વગર મંજૂરીએ ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવ્યા છે, તે ૧૦ દિવસમાં દૂર કરવા નાયબ કલેક્ટર તથા ચીફ ઓફિસરને લેખિતમાં જાણ કરી છે. આ સમય-મર્યાદામાં આ ગેરકાયદેસર બાંધકામો દૂર વધારે બાંધકામ કરવામાં આવ્યું છે જે દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવતા મિલકત ધારકે સ્વેચ્છાએ દબાણ દુર કરવાનું જણાવતા બાંધકામ અટકાવવામાં આવ્યુ છે.

વળી આ બાંધકામની મંજૂરીના કાગળો સાથે રેલવે ડીવીઝન અમદાવાદનો તા. ૨૯-૪-૨૦૧૩થી મળેલ એન.ઓ.સી.ની તપાસ કરતાં આ એન.ઓ.સી.નો પત્ર ખોટું હોવાનુ બહાર આવ્યું છે. જેથી અમદાવાદ મંડલ એન્જિનિયર અનુપકુમાર સિંહે તારીખ ૨૧-૮-૧૭ના રોજ પત્રથી પાલિકાની જાણ કરી છે.

## મોડાસાના સાકરીયા ગામે યુવકની ઝેરી દવા ગટગટાવી આત્મહત્યા

મોડાસાના સાકરીયા ગામે મહિલા સાથે આડા સંબંધના વહેમમાં પતિ અને દિયરે ગામના યુવકને માનસિક ત્રાસ આપી વારંવાર ઝગડા કરતા અસહ્ય બનેલા માનસિક ત્રાસથી કંટાળી આખરે યુવકે ઝેરી દવા પીને જીંદગી ટૂંકાવી દેતા ચકચાર મચી હતી. મોડાસા રૂરલ પોલીસે આત્મહત્યા કરવા મજબુર કરનાર બંને શખ્સોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સાકરીયા ગામના મહેશભાઈ કલાભાઈ પરમાર (ઉં.વ.૪૦)ને ગામના જ મનોજભાઈ ઉર્ફે મનુભાઈ પૂનમચંદ બારોટ તેમની પત્ની સાથે આડા સંબંધ હોવાનો વહેમ રાખી ગાળો બોલી ઝગડો કરતા તેમના ભાઈ દિલીપભાઈ પૂનમચંદ બારોટે પણ ઉપરાણું કરી અવારનવાર ત્રાસ આપતા અને દુષ્પ્રેરણ કરવા સુધી મજબુર કરતા અસહ્ય બનેલા માનસિક ત્રાસ સહન ન થતા કંટાળીને ઝેરી દવા ગટગટાવી આત્મહત્યા કરી લેતા ચકચાર મચી હતી. સાકરીયા જેવા નાના ગામમાં આત્મહત્યાની ઘટનાના પગલે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. મોડાસા રૂરલ પોલીસે અનિલભાઈ રેવાભાઈ ખાંટ (રહે, ભેરુંડા)ની ફરિયાદના આધારે સાકરિયાના મનોજભાઈ ઉર્ફે મનુભાઈ પૂનમચંદ બારોટ અને દિલીપ પૂનમચંદ બારોટ વિરુદ્ધ દુષ્પ્રેરણ મારવા સુધી મજબુર કરવાનો ગુન્હો નોંધી બંને આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



સાબરકાંઠા જીલ્લાના પોશીનામાં ગુરુવારે બપોરના સુમારે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને કમોસમી વરસાદી ઝાપટું પડ્યું હતું જેને લઈને રોડ પર પાણીના ખાબોચિયા ભરાઈ ગયું હતું.પોશીના થી હડાદ તરફના વિસ્તારોમાં પણ વરસાદી ઝાપટું પડ્યું હતું.

## ભિલોડાના કુશ્કી નજીક ટ્રેક્ટરે બાઈકને ટક્કર મારતા ચાલકનું મોત

શામળાજી, તા. ૧૨

શામળાજી નજીક આવેલા કુશ્કી-દેવની મોરી માર્ગ પર ટ્રેક્ટરચાલકે સ્ટિયરિંગ પરનો કાબુ ગુમાવી બાઈકને ટક્કર મારતા મોટર સાયકલ ચાલક વાઘપુર ગામના ફાલ્ગુન કાંતિભાઈ ગામેતી અને અજય રમેશભાઈ ખરાડીના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા બાઈક ચાલક ફાલ્ગુનભાઈનું મોત નિપજાવી ટ્રેક્ટર ચાલક ફરાર થઈ જતા અકસ્માતના સ્થળે પહોંચેલી શામળાજી પોલીસે યુવાનના પિતા કાંતિભાઈ વીરજીભાઈ ગામેતીની ફરિયાદના પગલે ટ્રેક્ટર જપ્ત કરી ફરાર ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## મહેસાણા જિલ્લામાં કેરોસીનના ભાવ નક્કી કરાયા

મહેસાણા, તા. ૧૨

મહેસાણા જિલ્લામાં જિલ્લા કલેકટર દ્વારા ૧ લિટર કેરોસીનના ભાવ રૂ.૨૫.૭૫ નક્કી કરવામાં આવ્યા છે. આ ભાવોનો અમલ તારીખ ૧ એપ્રિલ ૨૦૧૮થી અમલી રહેશે. જિલ્લા કલેકટર દ્વારા બાંધેલ ભાવથી વધુ ભાવ ડિલર, છુટક વિક્રેતાએ ફેરીયા લઈ શકશે નહી. આ ભાવમાં તમામ સ્ટેજ આવતા કમિશનની રકમનો સમાવેશ કરવામાં આવેલ છે તેમ જિલ્લા કલેકટર મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

## મહેસાણા જિલ્લામાં શસ્ત્રો રાખવા પર પ્રતિબંધ ફરમાવાયો

મહેસાણા, તા. ૧૨

મહેસાણા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેરમાં શસ્ત્રો રાખવા પર પ્રતિબંધ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ રમેશ મેરજાએ ફરમાવ્યો છે. મહેસાણા જિલ્લામાં શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ના ૨૨ માની કલમ(૩૭)(૧) મુજબ સાવચેતીના ભાગ રૂપે સુરક્ષાના આદેશ કરેલ છે. જિલ્લાના તમામ વિસ્તારોમાં ૨૫ એપ્રિલ ૨૦૧૮ સુધી શસ્ત્રો રાખવા પર પ્રતિબંધ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ રમેશ મેરજાએ ફરમાવ્યો છે.




## હિમતનગરમાં ભાજપના પ્રતિક ઉપવાસ

લોકસભા સત્ર માં સત્તા પક્ષને વિપક્ષ ની પજવણી થી પરેશાન સત્તા પક્ષે દેશ ભરના સંસદીય વિસ્તારોમાં પ્રતિક ઉપવાસ ના ધરણા યોજી વિરોધ દર્શાવ્યો.ત્યારે સાબરકાંઠા ના મુખ્ય મથક હિંમતનગર ખાતે ગુરુવારે પ્રદેશ હોદ્દેદારો, સંસદ સભ્ય સહીત જીલ્લા ભાજપના આગેવાનો જોડાયા. લોકાસાભા ના ચાલુ સત્ર દરમિયાન વિપક્ષ ધ્વારા ચાલુ ગૃહમાં હંગામો મચાવીને રોજ બરોજ સત્તા પક્ષ ને હેરાન કરવાની નીતિ થી આજે સમગ્ર ભારત ભરમાં સંસદીય વિસ્તારોમાં વિપક્ષની ભૂમિકાની માનસિકતા છતી કરવા સંસદસભ્યની આગેવાની હેઠળ પ્રતિક ઉપવાસ કરી ધરણા યોજવામાં આવ્યા હતા.જેમાં પ્રદેશ ભાજપના પ્રવક્તા આઈ કે.જાડેજા,સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના સાંસદ દીપસિંહ રાઠોડ,પ્રભારી પ્રદીપસિંહ વાઘેલા,હિમતનગરના ધારાસભ્ય-રાજેન્દ્રસિંહ ચાવડા,પ્રાંતિજના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર સહીત જીલ્લા ભાજપના સંઘઠના હોદ્દેદારો,પાલિકા,જીલ્લા અને તાલુકા પંચાયતના ચૂંટાયેલા સદસ્યો પ્રતિક ઉપવાસમાં જોડાયા હતા જે બધા મંડપ નીચે એર કુલરના ઠંડા પવન વચ્ચે જીલ્લાના મુખ્ય મથક હિંમતનગરના ટાવર ચોક ખાતે ધરણામાં જોડાયા હતા.

## દામ્પત્ય જીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર ભાગ્યશાળી દંપતિઓનું સન્માન કરાયુ

પાલનપુર, તા. ૧૨

વરિષ્ઠ નાગરિક સંગઠન, હનુમાન ટેકરી, હાઈવે પાલનપુર, અનેક રચનાત્મક, સેવાકીય કાર્યો સાથે લોક જાગૃતિના કાર્યો કરી સમાજ માટે પ્રેરણારૂપ બનેલ છે.

તા. ૮ એપ્રિલ ૨૦૧૮ના રોજ સર્જન હોલ, આબુ હાઈવે પાલનપુર ખાતે વરિષ્ઠ સંગઠનની તૃતિય વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવેલ હતુ. સભાના અધ્યક્ષ તરીકે રાજેન્દ્રભાઈ ઘુડાભાઈ જોષી (પૂર્વ પ્રમુખ બી.કે. જી. પંચાયત) તથા અતિથી વિશેષ તરીકે કુ. નિરંજનાબેન પટેલ (સંસ્થાપક વનિતાશીશુ વિહાર પાલનપુર) હાજર રહેલ હતા. આ પ્રસંગે આ વિસ્તારના જીવનના ૯૦ વર્ષ વટાવી ચુકેલ વરિષ્ઠ વડીલોનું અને દાંપત્યજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર ૧૪ ભાગ્યશાળી દંપતિઓનું શાલ મોમેન્ટો અર્પણ કરી સન્માન કરાયું હતું. અને સપ્તપદીના સાત મંત્રો વાંચન કરી ૧૪ ભાગ્યાશાળી દંપતીઓના સન્માન સમયે તેઓના ૫૦ વર્ષ પહેલાના લગ્ન સમયના મનોભાવોનું દર્શન થવા પામેલ હતુ. હાજર રહેલ તમામ સભ્યોએ ફુલોની વર્ષા કરી ૧૪ દંપતીઓ સમક્ષ કથાકાર પ્રવિણભાઈ રાવલે સપ્તપદીના મંત્રોચ્ચાર કરી વાતાવરણને લાગણીસભર બનાવી દરેક દંપતીઓને ભૂતકાળમાં ડોકીયુ કરાવ્યું હતું. આ સમારંભમાં બહોળી સંખ્યામાં વરિષ્ઠ ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યાં હતા.

દાંપત્ય જીવનના પચાસ વર્ષ પૂર્ણ કરનાર ભાગ્યશાળી દંપતીઓનું સન્માન કરતા સમારંભના અધ્યક્ષ રાજુભાઈ જોષીએ પોતાના ઉદ્બોધન કરતા આ પ્રસંગને પોતાના જીવનનો અમૂલ્ય લ્હાવો મળ્યાનુ જણાવેલ. તેમજ આ પ્રસંગે પોતાના સ્વ. માતા-પિતાને યાદ કરી ભાવુક બનેલા હતા.

આગામી વર્ષોમાં વરિષ્ઠ નાગરિક સંગઠનને વધુ મજબુત બનાવી તથા સૌ મિત્રો પોતાના જીવન માટે સુચારૂ આર્થિક આયોજન તથા તન-મનની તંદુરસ્તી, સ્વરૂચિ પૂર્ણ પ્રવૃત્તિ કરી, સામાજિક સંબંધો જાળવવાનું આયોજન અને પરિવારજનો સાથે સુમેળભર્યા સંબંધો વિકસાવી ક્રમશઃ વૃત્તિમાંથી નિવૃત્તિ મેળવી શ્રદ્ધા-ભક્તિ-સમર્પણની ભાવના કેળવવા માટે સામૂહિક રીતે આયોજન કરવા વિચારણા કરેલ હતી. સંગઠનના પ્રમુખ પ્રતાપરાય ધતુરિયા તથા મંત્રી ચંદુભાઈ ઠક્કરે તથા કારોબારી સભ્યોએ શુભકામના વ્યક્ત કરી હતી. કેશુભાઈ પટેલ, નટુભાઈ સોની, ઈશ્વરભાઈ પટેલ, લાલજીભાઈ પ્રજાપતિ, હીરાભાઈ પટેલ, ચંપકભાઈ જોષી, બાલાશંકરભાઈ જોષી, રામભાઈ આઈ. પટેલ, અનિલભાઈ મેવાડા, જગદીશભાઈ મેવાડા, રમેશભાઈ પુરોહિત, પુરષોત્તમભાઈ પટેલ, દિનેશભાઈ ચૌહાણ, કનુભાઈ ઠક્કર, રામજીભાઈ પટેલ, શ્રીમતી નયનાબેન મહેતા, દિલીપભાઈ વ્યાસ વગેરે વરિષ્ઠ મિત્રોએ હાજર રહી પ્રસંગને અનુરૂપ પોતાનો અભિપ્રાય વ્યક્ત કરી સમગ્ર પ્રસંગને સફળ બનાવેલ હતો.






## ડીસા મુકામે કૃષિ વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક યોજાઈ

પાલનપુર, તા. ૧૨

ડીસા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. અશોક પટેલના અધ્યક્ષસ્થાને કૃષિ વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં ડીસા અને થરાદ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ધ્વારા કરવામાં આવતા વિવિધ સંશોધનો અને તેની પ્રવૃત્તિઓ વિશે ડીસા કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા ડૉ. ગોવિંદભાઈ પટેલ અને થરાદ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા ડૉ. વી.ટી. પટેલે વિસ્તૃત માહિતી આપી હતી.

બેઠકમાં દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. અશોક પટેલે જણાવ્યું હતુ કે બનાસકાંઠા જિલ્લાના ખેડુતો નવા સંશોધનો અપનાવી ખુબ સારુ ઉત્પાદન મેળવતા થયા છે. તેમણે ખેતી ક્ષેત્રમાં શિક્ષિત યુવાનોને જોડી ઉત્પાદન વધારવા વૈજ્ઞાનિકો જણાવ્યું હતું.

## પી.એમ. કોઠારી હાઈસ્કૂલ, ટીંટોઈમાં વિજ્ઞાન પ્રવાહમાં નવિન લેબોરેટરી ઉદ્ઘાટન સંપન્ન

શ્રી ટીંટોઈ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી પી.એમ. કોઠારી હાઈસ્કૂલ, ટીંટોઈમાં



શ્રીમતિ મંજુલાબેન તથા શ્રી સોમાલાલ ખેમરામ વ્યાસ વિદ્યાભવન સંકુલમાં વિજ્ઞાન પ્રવાહમાં નવિન બનાવેલ લેબોરેટરીનું ઉદ્ઘાટન મિત્સુઈ કેમિકલ પ્રાઈવેટ લીમીટેડ દિલ્હી દ્વારા જાપાનના મહેમાનો તોશીહીરો ઓમુરા-મેનેજીંગ ડાયરેક્ટર, મીસ હરુકો કોકુઈ, મીસ યાસુમી સસાકી, ગિરીશ દઈતા તેમજ શ્રુતિ ગુપ્તા, અતુલકુમાર દ્વારા સંપન્ન થયું.

આ પ્રોગ્રામમાં સંસ્થાના પ્રમુખ મનોજ ભટ્ટ, પૂર્વ પ્રમુખ હરેશ વ્યાસ, સંસ્થાના ચેરમેન પ્રહલાદસિંહજી ચંપાવત, વા. ચેરમેન કીર્તિકુમાર શાહ, માનદમંત્રી સલિમભાઈ બાકરોલીયા, ખજાનચી વિષ્ણુભાઈ મુખી તેમજ કારોબારી હોદ્દેદારો-સભ્યો તેમજ શાળાના આચાર્ય વિજયકુમાર ભટ્ટ તેમજ કેમ્પસના તમામ શૈક્ષણિક-બિનશૈક્ષણિક કર્મચારી ગણ અને તમામ શાળાના બાળકો તેમજ ગામના નાગરિકો ઉપસ્થિત રહી પ્રસંગને દૈદિત્યમાન બનાવ્યો હતો. લેબોરેટરીના દાન માટે સંસ્થાના મુખ્યદાતા હરેશ વ્યાસ દ્વારા મળેલ દાન માટે સંસ્થા તેમનો તથા તેમના પરીવારનો આભાર વ્યક્ત કરે છે. તમામ સ્ટેજ પ્રોગ્રામનું અંગ્રેજીમાં સંચાલન અને ઉદ્ઘોષક તરીકેની કામગીરી શાળાના સુ.વા. બિપીનભાઈ શાહ દ્વારા કરવામાં આવી હતી. પ્રોગ્રામને અંતે ભોજનને આપેલ તથા તમામ મહેમાનો તેમજ બાળકો માટે ભોજનની સુંદર વ્યવસ્થા પુરી પાડવામાં આવી હતી.